પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૮૪ | ૪ જુન, ૨૦૧૯, મંગળવાર; જયેષ્ઠ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારતીય વાયુસેનાનું એયરક્રાફ્ટ લાપત્તા

**અરુણાચલમાં એએન-૩૨ લાપત્તા થતાં ચિંતા : આઠ ક્રૂ મેમ્બર અને પાંચ યાત્રી મુસાફરી કરી રહ્યા હોવાના અહેવાલ : ઉંડાણ ભર્યાના અડધા કલાકમાં જ એરબેઝથી સંપર્ક તુટી ગયો : એએન-૩૨ એયરક્ક્રાફ્ટે જોરહાટથી અરુણાચલ પ્રદેશના મેચુકા માટે ઉંડાણ ભરી હતી**



પ્રતિકાત્મક તસવીર

નવીદિલ્હી, તા. ૩

ઈન્ડિયન એરફોર્સનું એક વિમાન અરુણાચલ પ્રદેશમાં લાપત્તા થયાના અહેવાલ મળ્યા છે. ઉંડાણ ભર્યાના ટૂંક જ સમયમાં એરબેઝથી તેનો સંપર્ક તુટી ગયો હતો. વિમાને આસામના જોરહાટથી અરુણાચલના મેચુકા માટે ઉંડાણ ભરી હતી જેમાં કુલ ૧૩ લોકો સવાર હતા. રક્ષામંત્રી રાજનાથસિંહે આ અંગે વાયુસેનાના વાઈસ ચીફ સાથે વાતચીત કરી સર્ચ ઓપરેશન અંગેની માહિતી મેળવી હતી. મળેલી માહિતી મુજબ એરક્રાફ્ટ એએન-૩૨ લાપત્તા થયું હોવાના અહેવાલ છે. વિમાનમાં આઠ ક્રૂ મેમ્બર અને પાંચ યાત્રી મુસાફરી કરી રહ્યા હતા. એરક્રાફ્ટ એન-૩૨એ જોરહાટ એરબેઝથી બપોરે ૧૨.૨૫ વાગે ટેકઓફ કર્યુ હતું. છેલ્લી વખત એરબેઝ સાથે એક વાગે સંપર્ક થયો હતો. વાયુસેનાએ એએન-૩૨ વિમાનની માહિતી મેળવવા માટે તમામ ઉપલબ્ધ સાધનોને કામ પર લગાવી દીધા હતા. એરફોર્સે સર્ચ ઓપરેશન શરૂ કરી દીધું છે. સર્ચ ઓપરેશન માટે સુખોઈ ૩૦ એરક્રાફ્ટ અને

● અનુસંધાન પાન-૭ પર

## રક્ષામંત્રી રાજનાથની સિયાચિન બેઝકેમ્પમાં જવાનોની સાથે મુલાકાત

**રાજનાથસિંહે જવાનો સાથે ફોટો પણ પડાવ્યા હાલની સ્થિતિ અંગે પણ માહિતી મેળવી**



નવી દિલ્હી, તા. ૩

સંરક્ષણમંત્રીનો હવાલો સંભાળ્યા બાદ રાજનાથસિંહ પોતાના પ્રથમ પ્રવાસમાં દુનિયાના સૌથી ઉંચા યુદ્ધક્ષેત્ર સિયાચિન ગ્લેશિયર પહોંચ્યા હતા. સંરક્ષણમંત્રી રાજનાથસિંહે સિયાચિન બેઝ કેમ્પમાં જવાનો સાથે મુલાકાત કરી હતી અને યુદ્ધ સ્મારક પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. રાજનાથસિંહે પોતાની પ્રથમ યાત્રા માટે ચીન અને પાકિસ્તાનથી નજીક લદાખ વિસ્તારમાં ચૂંટણીનું આયોજન કર્યું હતું જે પોતાની રીતે વિશેષ છે. લેહમાં તૈનાત ૧૪ બટાલિયનોએ નવા રક્ષામંત્રી હાલની સ્થિતિ અંગે માહિતી આપી હતી. આ બટાલિયનો પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર અને ચીનથી નજીક સરહદોની દેખરેખ રાખે છે. રક્ષામંત્રીની સાથે આર્મી ચીફ બિપીન રાવત પણ ઉપસ્થિત રહ્યા હતા. રાજનાથસિંહે ઉપસ્થિત જવાનો સાથે બેસીને ફોટો પડાવ્યા હતા અને તેમની તબિયત અંગે પૃચ્છા કરી હતી. સિયાચિન સમુદ્ર તટથી લગભગ ૨૦ હજાર ફૂટની ઉંચાઈ પર છે

# હવે, યુપીમાં સપા-બસપા ગઠબંધનમાં ભંગાણ

**પેટાચૂંટણી એકલા હાથે લડવા માયાવતીની જાહેરાત : ૧૧ વિધાનસભાની પેટાચૂંટણી એકલા હાથે લડશે**

અમદાવાદ,તા.૩

યુપી નેતાઓ સાથે લોકસભા ચૂંટણીના પરિણામોની સમીક્ષા કરતા બહુજન સમાજ પાર્ટીના અધ્યક્ષ માયાવતીએ મોટું નિવેદન આપ્યું છે. માયાવતીએ કહ્યું કે, ગઠબંધનથી ચૂંટણીમાં અપેક્ષિત પરિણામ મળ્યા નથી. જેથી હવે ગઠબંધનની સમીક્ષા કરવામાં આવશે. આ સમીક્ષામાં માયાવતીએ મહત્વનો નિર્ણય લેતા કહ્યું કે, વિધાનસભા ઉપચૂંટણી લડવાની જાહેરાત કરી છે. આ પહેલા બસપા કોઈ પણ પેટાચૂંટણી લડી ન હતી. બસપાએ તેની છેલ્લી પેટાચૂંટણી ૨૦૧૦માં લડી હતી. દિલ્હીમાં સાંસદો, કોઓર્ડિનેટરો, જિલ્લા અધ્યક્ષો સાથે સમીક્ષા દરમિયાન માયાવતીએ કહ્યું કે, સપા સાથે ગઠબંધનથી કોઈ ફાયદો ન થયો. શિવપાલ યાદવે યાદવોના વોટને ભાજપમાં ટ્રાન્સફર કરી દીધા સપા તેને રોકી ન શકી. બહુજન સમાજ પાર્ટીના પ્રમુખ માયાવાતીએ સોમવારે દિલ્હીમાં ચૂંટણીમાં થયેલી હારની સમીક્ષા શરૂ કરી છે. ૨૦૧૯ લોકસભા ચૂંટણીમાં બીએસપીને સંતોષજનક બેઠકો ન મળવા અને ઘણા રાજ્યોમાં મળેલી હાર અંગે માયાવતીએ પાર્ટી કાર્યકર્તાઓની અખિલ ભારતીય સ્તરે મિટિંગ બોલાવી છે. બેઠકમાં પાર્ટી સ્તર પર ફેરફારો કરી શકાય છે. સૂત્રો કહ્યાં પ્રમાણે, બેઠકમાં માયાવતીએ કહ્યું - સપા સાથે ગઠબંધન સમજી વિચારીને કર્યું હતું. અમે અમારા નફા-નુકસાનને જાણતા હતા, પરંતુ આ ગઠબંધથી કોઈ ફાયદો થયો ન હતો. યાદવ વોટ બસપાને

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### અજીત ડોભાલને મળ્યો કેબિનેટ મંત્રીનો દરજ્જો

વડાપ્રધાન મોદીના પહેલાં કાર્યકાળમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર રહેલાં અજીત ડોભાલ હવે મોદી સરકાર ૨માં પણ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બની રહેશે. આ સાથે જ તેઓને મોદી સરકારમાં કેબિનેટ મિનિસ્ટરનો દરજ્જો પણ મળશે. અજીત ડોભાલને રાષ્ટ્રીય સુરક્ષા ક્ષેત્રમાં તેમના ઉત્કૃષ્ટ કામ માટે મોદી સરકારમાં કેબિનેટ મંત્રીનો દરજ્જો મળશે. તેમની નિમણૂક પાંચ વર્ષ માટે થઈ છે.

### સૂર્યપ્રકોપ! વિશ્વનાં સૌથી ૧૫ ગરમ સ્થળોમાં આઠ ભારતમાં

જળવાયુ પરિવર્તનનાં કારણે સમગ્ર વિશ્વમાં ગરમી ખતરનાક સ્તરે વધી રહી છે અને તેમાંય ભારતમાં તેની વ્યાપક અસર તઈ રહી છે. ભારતનાં મધ્ય અને ઉત્તરનાં ભાગમાં ગરમીનો પ્રકોપ વર્તાઈ રહ્યો છે. સુત્રોનાં જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલ્લાકમાં વિશ્વમાં જે સૌથી ગરમ ૧૫ સ્થળો નોંધાયા છે તેમાંથી આઠ સ્થળો ભારતનાં છે. જ્યારે બાકીનાં સ્થળો પાકિસ્તાનમાં નોંધાયા છે.

# હવે, દિલ્હીમાં મેટ્રો તેમજ બસમાં મહિલાઓ મફત મુસાફરી કરી શકશે

**૨-૩ મહિનામાં યોજના લાગૂ કરાશે : આગામી ચૂંટણીને ધ્યાનમાં લઇને દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલની મોટી જાહેરાત : મહિલાઓમાં ખુશી**

નવીદિલ્હી,તા.૩

દિલ્હીમાં આવતા વર્ષે થનારી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટીએ એક મોટી જાહેરાત કરી છે. દિલ્હી સરકારે મહિલાઓને મેટ્રો અને ડીટીસી બસમાં ફ્રી મુસાફરી કરવાની ગીફ્ટ આપી છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે પ્રેસ કોન્ફરન્સમાં આ વિશે જાહેરાત કરી છે. જોકે અરવિંદ કેજરીવાલની આ જાહેરાતથી તેમણે દિલ્હીમાં ૬૪ લાખ મહિલા મતદારોને ટાર્ગેટ કર્યા છે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે, દિલ્હીમાં મહિલાઓ




અસુરક્ષીત અનુભવી રહી છે. મહિલાઓની સુરક્ષા માટે ૨ મોટા નિર્ણય લેવામાં આવ્યા છે. એક તો સીસીટીવી કેમેરા લગાવવા માટે અઢી વર્ષથી મહેનત કરવામાં આવી રહી છે. દોઢ લાખ સીસીટીવી લગાવવાનું ટેન્ડર આપવામાં આવ્યું હતું. ૭૦ હજાર સીસીટીવીનો સર્વે થઈ ચૂક્યો છે. કેજરીવાલે કહ્યું કે, ૮ જૂનથી કેમેરા લગાવવાની શરૂઆત થઈ જશે અને ડિસેમ્બર સુધીમાં આ પ્રોજેક્ટ પૂરો થઈ જશે.

અરવિંદ કેજરીવાલના જણાવ્યા પ્રમાણે દિલ્હી મેટ્રો અને ડીટીસી બસોમાં મહિલાઓને મુસાફરી માટે કોઈ ચાર્જ વસુલવામાં આવશે નહીં. આ યોજનાથી મહિલાઓને સરકારી

● અનુસંધાન પાન-૭ પર

## વડાપ્રધાન મોદી આંતરરાષ્ટ્રીય યોગ દિવસ રાંચીમાં ઊજવશે

ન્યુ દિલ્હી,તા.૩

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૧ જૂને આ વર્ષે મુખ્ય કાર્યક્રમ રાંચીમાં યોજાશે જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી હાજરી આપશે. વડા પ્રધાનપદે મોદી બીજી મુદત માટે આવ્યા બાદ સરકારનો પ્રથમ મેગા ઈવેન્ટ હશે. આયુષ મંત્રાલય દ્વારા પાંચ શહેર દિલ્હી, સિમલા, મૈસૂર, અમદાવાદ અને રાંચી યોગા ઈવેન્ટ માટે જુદા તારવ્યા છે. અંતિમ પસંદગી માટે આ યાદી પીએમઓને મોકલી અપાઈ હતી.

# મની લોન્ડરિંગ કેસમાં રોબર્ટ વાડ્રાને વિદેશ જવા મંજુરી

**સ્વાસ્થ્યના કારણોસર અદાલત દ્વારા મંજુરી અપાઈ : આંતરડામાં ટ્યુમર હોવાથી સારવાર માટે છ સપ્તાહ માટે મંજુરી : લંડન જવાની મંજુરી ન મળી**

નવીદિલ્હી,તા.૩

દિલ્હીની એક એક અદાલતે મનીલોન્ડરિંગના એક કેસમાં રોબર્ટ વાઢેરાને સ્વાસ્થ્ય સંબંધિત કારણોને લઈ છ સપ્તાહ માટે વિદેશ જવાની મંજુરી આપી છે. વિશેષ ન્યાયમૂર્તિ અરવિંદ કુમારે કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીના બનેવી વાઢેરાને છ સપ્તાહ માટે અમેરિકા અને નેધરલેન્ડની યાત્રા કરવા માટે મંજુરી આપી દીધી છે અને યાત્રા અંગેનો કાર્યક્રમ આપવા માટે પણ આદેશ કરવામાં આવ્યો છે. જો કે, રોબર્ટ વાઢેરાને લંડન જવા માટેની મંજુરી આપવામાં આવી નથી. વાઢેરાના વકીલ કેટીએસ તુલસીએ કોર્ટમાં જોરદાર દલીલો કરી હતી. સીબીઆઈની વિશેષ કોર્ટે સોમવારે રોબર્ટ વાડ્રાને વિદેશ જઈને ઈલાજ કરવાની અનુમતિ આપી છે. મની લોન્ડ્રિંગના આરોપોનો સામનો કરી રહેલા વાડ્રાની અરજી મંજૂર કરતા કોર્ટે

● અનુસંધાન પાન-૭ પર

## ખોવાયેલ છે

નિધિ જગદીશકુમાર પટેલની બી.ફાર્મની અસલ માર્કશીટો ૩/૬/૨૦૧૯ના રોજ બપોરે 'ચ-૩' પાણી પરબ પર ભૂલથી રહી ગઈ છે. કોઈને મળે તો નીચેના નંબર પર જાણ કરવા વિનંતી. યોગ્ય વળતર આપીશું.

મો. ૯૯૨૫૦ ૧૩૭૫૦
મો. ૯૯૨૫૦ ૫૦૯૬૦

**ગાંધીનગર માટે**

આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી

**ફક્ત ફોન કરો**

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

**કૈલાસ માનસરોવર યાત્રા**
R K VACATIONS PVT. LTD.
079-40 40 35 35 | 61 61 35 35

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

## દ્વિતિય વાર્ષિક પુણ્યતિથિ
## શ્રદ્ધાંજલિ



**શૈલાબેન રમેશચંદ્ર પટેલ**
સ્વ. તા. ૪/૬/૨૦૧૭

શૈલા ! હસીને હસાવનાર
તું અમને રૂદન કરતાં
મૂકીને ચાલી ગઈ,
વિધિના લખ્યા લેખ
કેટલા ક્રુર થઈ ગયા,
હજી જોઈતો હતો તારો સાથ,
ત્યાં તું દૂર થઈ ગઈ,
છોડાવ્યો તે હાથ
અને અમે મજબૂર થઈ ગયા !
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

**રમેશભાઈ બી. પટેલ**
(રીટા.ડીવાય. એસ.પી.)
**ભાવનાબેન આર. પટેલ**
**આકાશ આર. પટેલ**
**ઉમંગ આર. પટેલ**